# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-10-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છ યુનિવર્સિટી પદવીદાન સમારોહ

**ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ આજે રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ૭૯૦૧ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી. જે પૈકી ૪૦ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.**

**આ પ્રસંગે શ્રી દેવવ્રતે યુવાનોને દેશનાવિકાસમાં સહયોગ આપવા સત્યપાલન, ધર્મપાલન, કર્તવ્યભાવના સાથે રાષ્ટ્રધર્મ, સમાજધર્મ, પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેયું હતું કે, ૨૦૪૭ સુધી ભારતને વિકસિત ભારત બનાવવાની જવાબદારી યુવાઓ પર છે ત્યારે માત્ર વૈજ્ઞાનિક દષ્ટિકોણ નહીં પરંતુ સાંસ્કૃતિક વિરાસત પણ આગળ ધપે તે જોવાની જવાબદારી યુવાવર્ગની છે.**

**તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સમર્થ – આત્મનિર્ભર ભારત બનાવવા દરેક નાગરિકે સ્વદેશી તરફ પાછા વળવું પડશે.**

**(બાઈટ... આચાર્ય દેવવ્રત)**

**યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલે યુનિવર્સિટીના વિકાસકામોની છણાવટ સાથે યુનિવસિર્ટીમાં થનારા આગામી આયોજનમાં મ્યુઝિયમ, મોલ, જીમ, કાફેટેરીયા વગેરેના નિમાર્ણ તથા પ્રગતિ હેઠળના વિકાસકામો અંગે માહિતી પૂરી પાડી હતી. ર્યક્રમના પ્રારંભે યુનિવર્સિટી કેમ્પસમાં નિર્મિત નવા પરીક્ષા ભવન તથા સીએસઆર હેઠળ મળેલા વાહનોનું રાજ્યપાલના હસ્તે લોકાર્પણ કરાયું હતું.**

---

## એરફોર્સ : શસ્ત્ર પ્રદર્શન

"એરફોર્સ ડે'ની ઉજવણીના ભાગરૂપે દેશની સુરક્ષામાં વાયુ સેનાની ભૂમિકાને ઉજાગર કરવા તેમજ વિવિધ શસ્ત્રોની માહિતી આપીને બાળકો અને યુવાનોને વાયુસેનામાં જોડાવવા પ્રેરણા આપવા આજે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે 'નો યોર ફોર્સિસ' અંતર્ગત શસ્ત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં એરફોર્સના રડાર, મિસાઈલ અને એરક્રાફ્ટ સહિતના અત્યાધુનિક શસ્ત્રો તેમજ સૈન્યના સાધનોથી મોટી સંખ્યામાં આવેલા વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટસ, નિવૃત્ત સૈનિકો, સૈનિકોના પરિવારજનો તથા નાગરિકોને અવગત કરાવવામાં આવ્યા હતાં. આ સાથે જ વર્ષ ૧૯૭૧માં સૈન્યની મદદે આવેલા માધાપરની વિરાંગનાઓનું ભુજ એરફોર્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રદર્શન નિહાળવા આવેલા કેરા આઈ.ટી.આઈના વિદ્યાર્થી જેઠી દક્ષએ પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો હતો.

**(બાઈટ....)**

દરમ્યાન, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ભુજ વાયુસેના ખાતે યોજાયેલા શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમણે વાયુસેનાની ઓપરેશનલ ક્ષમતા અને કૌશલ્યના પ્રદર્શન સાથે અનેકવિધ સાધનોની પ્રદર્શનીનું વિહંગાવલોકન કર્યું હતું. આ સાથે ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાયેલા વાયુસેનાના શસ્ત્રો વિશે તેમણે સમજ મેળવી હતી.

---

## ગાંધીધામ : શસ્ત્ર પ્રદર્શન

પ્રાદેશિક મુખ્યાલય બીએસએફ ભૂજ અને ફ્રન્ટિયર ગુજરાત હેઠળ ૮૫ બટાલિયન સીમા સુરક્ષા દળ દ્વારા ગાંધીધામ ખાતે પણ શસ્ત્ર પ્રદર્શન અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

"એક ભારત શ્રેષ્ઠ ભારત" પહેલ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોમાં એકતા અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવાનો હતો. જેમાં આજુબાજુની સરકારી અને ખાનગી શાળાઓના અંદાજીત 500 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ : ટેસ્ટ મેચ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ  ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને એક દાવ અને 140 રનથી હરાવ્યું છે અને બે મેચની શ્રેણીમાં 1-0 ની સરસાઇ મેળવી છે.

વેસ્ટ ઇન્ડીઝને પ્રથમ ઇનિંગમાં 162 રનમાં ઓલઆઉટ કર્યા બાદ, ભારતે 448 રન પર પોતાનો પ્રથમ દાવ ડીકલેર કર્યો હતો. ભારત વતી ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા અને કેએલ રાહુલે સદીઓ ફટકારી હતી. વેસ્ટ ઇન્ડીઝની ટીમ બીજા દાવમાં ૧૪૬ રન કરી આઉટ થઇ ગઈ હતી. ભારત વતી મોહમ્મદ સિરાજે મેચમાં કૂલ ૭ વિકેટ ઝડપી હતી. જયારે રવીન્દ્ર જાડેજાને ૪ અને જસપ્રીત બુમ્રાહને ૩ વિકેટ મળી હતી.

---------------------------------------------------------------------------------------------

## વન્ય જીવ સપ્તાહની ઉજવણી

સ્વચ્છ હતી. વન્ય જીવ સપ્તાહની ઉજવણી અંતર્ગત કચ્છ વન વિભાગ અને ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી દ્વારા ભુજ ખાતે આજે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વન દળના વડા ડો. એ.પી. સિંહે આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ...)

---------------------------------------------------------------------------------------------

## રોજગાર ભરતી મેળો

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભુજ-કચ્છ દ્વારા તોલાણી સરકારી કોમર્સ કોલેજ આદિપુરના સહયોગથી રોજગાર ભરતીમેળો તેમજ સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંસદ વિનોદ ચાવડા સાહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ભરતીમેળામાં અલગ અલગ ક્ષેત્રના ૧૮ જેટલા ઔદ્યોગીક એકમોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------